નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વડી કચેરી, ગાંધીનગર ખાતે S.D.O. કેડરમાંથી વહીવટી અધિકારી વર્ગ-રની ૦૧ નવી મંજૂર થયેલ જગ્યાની મુદત વધારવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૨૦/૩૭૪૭૦/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૩૦/૦૫/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૪/૦૩/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૨૦/૩૭૪૭૦/છ

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૮/૦૬/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૨૦/૩૭૪૭૦/છ

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૩/૦૧/૨૦૨૨ના પત્ર ક્રમાંક:- મકમ/હંગામી જગ્યા/મુ.વ./૨૦૨૨/૨૨

પ્રસ્તાવના:-

વંચાણે લીધેલા ક્રમાંક-(૧) પરના વિભાગના તા.૨૪/૦૩/૨૦૨૧ના ઠરાવથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વડી કચેરી, ગાંધીનગર ખાતે S.D.O. કેડરમાંથી વહીવટી અધિકારી વર્ગ-૨ની ૦૧ નવી જગ્યા ઉભી કરવા માટે રૂ. ૫.૪૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલા ક્રમાંક-(૨) પરના વિભાગના તા.૦૮/૦૬/૨૦૨૧ના ઠરાવથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વડી કચેરી, ગાંધીનગર ખાતે S.D.O. કેડરમાંથી વહીવટી અધિકારી વર્ગ-૨ની ૦૧ જગ્યાની મુદત તા.૩૧/૦૩/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલા ક્રમાંક-(૩) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના પત્રથી સદરહુ વહીવટી અધિકારી વર્ગ-૨ની ઉકત ૦૧ હંગામી જગ્યાની મુદત તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધી ચાલુ રાખવા માટે દરખાસ્ત કરેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વડી કચેરી, ગાંધીનગર ખાતે S.D.O. કેડરમાંથી વહીવટી અધિકારી ,વર્ગ-૨ની ૦૧ જગ્યાની મુદત તા.૦૧/૦૪/૨૦૨૨ થી વધારીને તા.૩૧/03/૨૦૨૩સુધી ચાલુ રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

હંગામી જગ્યાઓ ચાલુ રાખવાની મંજુરી મેળવવાની દરખાસ્ત જે તે નાણાકીય વર્ષ પુરૂ થવાના બે માસ અગાઉથી રજુ કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા)ની તા.૨૪/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કિરેન શુકલ)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- અ.મુ.સચિવશ્રી(સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી,
- ૧૬, ડૉ. જીવરાજ ભવન, ગાંધીનગર.)
- નાણાંકીય સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, <u>કોમ્પ્યુટર સેલ</u>, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

સિલેક્ટ ફાઇલ